સંક્ષિપ્ત સમાચાર

સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ માટે વડોદરા જિલ્લામાં સફાઈ અભિયાન

વડોદરા : વડોદરા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને વેગ ગામોમાં સ્વચ્છતા, જનજાગૃતિ અને જનભાગીદારી પર ભાર સ્વચ્છ ભારત મિશન-ગ્રામિણ અંતર્ગત વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓના ગામોમાં સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન ગામોની સ્વચ્છતા સાથે જનજાગૃતિ અને ગ્રામજનોની સક્રિય ભાગીદારી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ગામના ભાગોળ, રસ્તાઓની આસપાસ તથા અન્ય જાહેર સ્થળોએ રહેલા ઝાડી-ઝાંખરા અને કચરાનો નિકાલ કરી સ્વચ્છતા જાળવવા માટે કામગીરી કરવામાં આવી હતી. ઉપરાંત, ગામના મુખ્ય રસ્તાઓ, પાણીની ટાંકીઓ તથા અન્ય જાહેર સ્થળોએ ઓળખાયેલા કચરાના હોટસ્પોટ્સની સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અંગે ગ્રામજનોમાં જાગૃતિ વધે અને તેઓ સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાય તે માટે ફળિયા મુલાકાતો તથા ગ્રામ પંચાયત કક્ષાએ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઘર તથા ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા અને કચરાનો યોગ્ય નિકાલ કરવા ગ્રામજનોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જળાશયોની આસપાસની સફાઈ હાથ ધરી પ્લાસ્ટિક સહિતના કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. અગાઉ ઓળખાયેલા ડમ્પિંગ સાઇટ્સની પણ સફાઈ કરી કચરાના અનિયમિત નિકાલને નિયંત્રિત કરવા માટે કામગીરી કરવામાં આવી હતી.

જાવલા ગામે સેવાસેતુ કેમ્પ યોજાયો, જરૂરિયાતમંદોને ઘરઆંગણે મળ્યો યોજનાઓનો લાભ

વડોદરા : વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના જાવલા ગામ ખાતે ધારાસભ્ય કેતનભાઈ ઇનામદારની ઉપસ્થિતિમાં સેવાસેતુ અંતર્ગત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જાવલા ઉપરાંત આસપાસના ગામોના લાભાર્થીઓએ પણ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત નાગરિકોને વિવિધ સેવાઓ અને યોજનાકીય લાભો ઘર નજીક ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા માતૃશક્તિ યોજના, બાળશક્તિ યોજના અને પૂર્ણા યોજના અંતર્ગત કુલ ૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિધવા સહાયના ૧૨, વયવંદના યોજનાના ૧ અને નિરાધાર સહાયના ૧, મળી કુલ ૧૪ લાભાર્થીઓને સરકારની કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પમાં ૨૭૭ આભા કાર્ડ, ૧૧૦ એન.સી.ડી. કેમ્પ-હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડ, નમો શ્રી યોજના અંતર્ગત ૨૮ અરજીઓ તથા આયુષ્માન યોજના અંતર્ગત ૫૪૧ અરજીઓ સ્વીકારવામાં આવી હતી. આમ, આરોગ્ય વિભાગની વિવિધ સેવાઓનો કુલ ૯૭૦ નાગરિકોએ લાભ લીધો હતો. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય કેતનભાઈ ઇનામદારે જણાવ્યું હતું કે, સરકાર અને પદાધિકારીઓના સંકલિત પ્રયાસોના પરિણામે સેવાસેતુ જેવા કેમ્પોના માધ્યમથી નાગરિકોને ઘર નજીક જ વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી રહે છે.

સંખેડા ડી.બી. પારેખ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા અંબા માતાના મંદિરે નંદ મહોત્સવની ઉજવણી

સંખેડા : સંખેડા ખાતેની ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અંબા માતાના મંદિરે નંદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે બપોરે શાળા ખાતેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા અંબા માતાના મંદિરે પહોંચી હતી. જ્યાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓ હર્ષોલ્લાસ સાથે "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી" ના નાદ સાથે ઝૂમી ઉઠ્યા હતા. વિદ્યાર્થીઓએ ગરબા, ટીમલી અને કૃષ્ણ-રાધાની વેશભૂષા સાથે ગીતો ગાયા હતા. અંબા માતાના મંદિર પરિસરમાં મટકી ફોડ નો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ માનવ પિરામિડ બનાવી મટકી ફોડી હતી. આ દ્રશ્યએ સમગ્ર વાતાવરણને ગોકુળ જેવું બનાવી દીધું હતું અને હાજર ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આમ સમગ્ર શાળા પરિવાર અને વિદ્યાર્થીઓએ ગોકુળ ભૂમિની યાદ અપાવી હતી. માતા-પિતાઓએ પણ કૃષ્ણ ભગવાનને પારણે ઝુલાવી પાવન પર્વનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

સંખેડા આર્ટસ-કોમર્સ કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

સંખેડા : સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે CWDC અંતર્ગત ભારતીય વસ્ત્રપરિધાન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડી.વી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. શિક્ષક દિન નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અધ્યાપક તરીકેની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે વર્ગખંડમાં માર્ગદર્શન આપવાનો અનુભવ મેળવ્યો હતો. આ દરમિયાન તેમણે શિક્ષકના મહત્વ, જવાબદારી અને સમાજ ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકની ગરિમા અને મહત્ત્વને ઉજાગર કરતા ગીતો તથા નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત, વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેના પોતાના અનુભવો પણ સૌ સમક્ષ રજૂ કર્યા હતા. જેના કારણે કાર્યક્રમમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. CWDC અંતર્ગત યોજાયેલી ભારતીય વસ્ત્રપરિધાન સ્પર્ધામાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ ભારતીય પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની સુંદર ઝલક રજૂ કરી હતી.

રમતગમત માટે આવતા બાળકોને ધક્કા; એક જ કર્મચારીને બે જગ્યાની જવાબદારી અપાતા સવાલો

ડભોઈનું કરોડોના ખર્ચે બનેલું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વહીવટના અભાવે નધણિયાતું!

એક જ કર્મચારીને બે સ્થળની જવાબદારી સોંપાતા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો વહીવટ ખોરવાયો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.3

ડભોઈ નગરપાલિકાના વહીવટ સામે અવારનવાર સવાલો ઊઠતા રહે છે. ત્યારે હવે અંદાજે રૂ. પાંચથી છ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની જાળવણી અને વહીવટને લઈને પ્રશ્નો ઉભા થયા છે. સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે વહીવટીદારની નિમણૂકની જાહેરાત કરવામાં આવી હોવા છતાં હાલ યોગ્ય વ્યવસ્થાના અભાવે આ સુવિધા નધણિયાતી બની હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

નગરપાલિકાના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના વહીવટ માટે જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી રમતગમત માટે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આવતા નાના બાળકો અને તેમના વાલીઓને જરૂરી વ્યવસ્થા કે માર્ગદર્શનના અભાવે ધક્કા ખાવાની સ્થિતિ સર્જાઈ રહી છે. બાળકો રમતગમતની પ્રવૃત્તિઓ માટે આવે છે, પરંતુ જવાબદાર કર્મચારી ઉપલબ્ધ ન હોવાથી પરત ફરવું પડે છે.

એક જ કર્મચારીને નગરપાલિકા તથા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ એમ બે સ્થળની જવાબદારી સોંપવામાં આવી હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. જેના કારણે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના દૈનિક સંચાલન અને રખરખાવ પર અસર થતી હોવાના સવાલો ઊઠ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી રમતગમતની સુવિધાનો યોગ્ય ઉપયોગ થાય તે માટે નગરપાલિકા કક્ષાએ ચોક્કસ સમય અને જવાબદાર કર્મચારીની વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સફાઈ કામદારની ખાલી જગ્યા પર ભરતી થયેલા કર્મચારીને આ જવાબદારી સોંપાઈ હોવાની પણ ચર્ચા છે. હવે નગરપાલિકાના નવા ચીફ ઓફિસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે અલગ કર્મચારીની નિમણૂક કરી યોગ્ય વહીવટ ઉભો કરે છે કે કેમ તે જોવાનું રહ્યું. નવા ચીફ ઓફિસર સામે નગરપાલિકાના વહીવટને સુધારવાનો પડકાર રહેશે.

ભરૂચના LNG પ્રોજેક્ટ મેનેજર સાથે રૂ.૯૧.૫૧ લાખની સાયબર છેતરપિંડી

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 3

ભરૂચના એક 54 વર્ષીય LNG દહેજનાં પ્રોજેક્ટ મેનેજર સાયબર ઠગોએ ઓનલાઈન ટ્રેડિંગ અને AI આધારિત રોકાણની લાલચ આપીને 91.51 લાખની રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ કૌભાંડમાં વોટ્સએપ ગ્રુપ અને નકલી ટ્રેડિંગ એપ્લિકેશન દ્વારા તેઓને લલચાવીને અલગ-અલગ બેંક ખાતામાં રકમ જમા કરાવવામાં આવી હતી. જ્યારે તેઓ જમા કરેલી રકમ પરત મેળવવા માટે વધારાની ફી માંગવામાં આવી ત્યારે તેમને છેતરપિંડીનો અહેસાસ થયો અને ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. ભરૂચ દહેજ બાયપાસ રોડ પર આવેલા નવજીવન સોસાયટીમાં રહેતા 54 વર્ષીય નિશાંતકુમાર ભગુભાઈ પટેલ પોતે દહેજ પેટ્રોનેટ LNGમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે નોકરી કરે છે.

બોડેલી પોલીસે બાતમીના આધારે મોરખલા નર્મદા કેનાલ પાસેથી બલેનો કાર ઝડપી

બોડેલી પોલીસે રૂ.૫.૪૫ લાખના દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

પી.એસ.બરંડા પોલીસ ઇન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત સુચનાઓ અન્વયે પ્રોહી/જુગાર ના કેશો શોધી કાઢવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો સાથે બોડેલી પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી હકિકત મળેલ કે એક મારૂતી સુઝુકી કંપનીની સફેદ કલરની બલેનો ગાડી નંબર-GJ-06-RD-5895 માં ઇંગ્લીશ દારૂ ભરી નર્મદા મેન કેનાલ ઉપર આવે છે અને વડોદરા તરફ જનાર હોવાની હકિકત મળતા મોજે મોરખલા નર્મદા મેઇન કેનાલ પાસે વોચમા રહી બાતમી હકીકત વાળી ગાડી આવતા તેને કોર્ડન કરી ગાડીમા બેસેલ આરોપીને પકડી પાડી ગાડી માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ કિંગ ફીસર એક્ષટ્રા સ્ટ્રોગ પ્રીમીયમ બીયર ૫૦૦ મી.લીના પતરાની ટીન બીયર નંગ-૨૪૦ જેની કુલ કિમત રૂ.૪૫,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા પ્રોહી મુદ્દામાલ ની હેરાફેરીમા ઉપયોગમાં લિધેલ સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની બલેનો ગાડી રજીસ્ટર નંબર GJ-06-RD-5895 ની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- ની ગણી કુલ કિં.રૂ.૫,૪૫,૬૦૦/-નો મુદ્દામાલ પકડી પાડી પકડાયેલ આરોપી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

પાદરા ખાતે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનું સન્માન અને સંવાદ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા. 3

બેસ્ટ MLA એવોર્ડ પ્રાપ્ત કરનાર ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાનું પણ શિક્ષકો દ્વારા સન્માન કરાયું. પાદરા શહેરના પ્રમુખસ્વામી ટાઉનહોલ ખાતે શિક્ષક દિન નિમિત્તે પાદરા તાલુકા સારસ્વત મિત્રો દ્વારા શિક્ષકોના સન્માન તથા આત્મીય સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાષ્ટ્રના ભાવિનું ઘડતર કરનાર અને જ્ઞાનની જ્યોત પ્રગટાવનાર શિક્ષક મિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પાદરા વિધાનસભાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા પંચાયત વડોદરા શિક્ષણ સમિતિના ચેરમેન ભૂમિકાબેન સોલંકી, પાદરા તાલુકા ભાજપ પ્રમુખ, પ્રાથમિક શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

પાદરામાં રૂ. ૫૦ લાખની છેતરપિંડીના કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

ગુનાની ગંભીરતા અને તપાસને ધ્યાને લઈ કોર્ટે જામીન ન આપ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા. 3

પાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.50 લાખની છેતરપિંડીના કેસમાં આરોપી અખીલેષસિંહ શ્યામસિંહ રજાવત દ્વારા પાદરાની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કરાયેલી જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. સરકારી વકીલ એચ.એ.પ્રજાપતિ ની દલીલ ગ્રાહ્ય રાખી જામીન અરજ નામંજૂર કરવામાં આવી. ફરિયાદ મુજબ ખોટી ઓળખ ઉભી કરી વડોદરાની એક બેંકના ખાતામાંથી આર.ટી. જી.એસ. મારફતે રૂ.50 લાખ અન્ય બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપીના વકીલે આરોપીને નિર્દોષ ગણાવી ખોટી ઓળખના કારણે ધરપકડ થયાનો દાવો કરી જામીનની માંગણી કરી હતી. જ્યારે સરકારી વકીલે ગુનાની ગંભીરતા અને તપાસ ચાલુ હોવાથી જામીનનો વિરોધ કર્યો હતો.

કોર્ટએ નોંધ્યું હતું કે ગુનાની તપાસ નાજુક તબક્કામાં છે અને અન્ય આરોપીઓની ધરપકડ બાકી છે. આરોપી ગુજરાતનો કાયમી રહેવાસી ન હોવાથી જામીન મળ્યા બાદ ન્યાયિક કાર્યવાહી દરમિયાન હાજર રહેવાની શક્યતા અંગે પણ કોર્ટે શંકા વ્યક્ત કરી હતી. સમગ્ર હકીકતોને ધ્યાને લઈ એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિજયસિંહ ભાવસિંહ ચૌહાણે તા. 1 સપ્ટેમ્બર, 2026ના રોજ આરોપીની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

વાઘોડિયા પોલીસે બે વિવિધ જગ્યાએથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો

દારૂનો જથ્થો મળ્યો, આરોપીઓ હાથ લાગ્યા નહીં; ધરપકડના ચક્રો ગતિમાન

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 3

વાઘોડિયા પોલીસ દ્વારા તાલુકામાં બે વિવિધ જગ્યાએ બાતમીના આધારે રેઇડ કરી વિદેશી દારૂ નો જથ્થો ઘરમાં થી ઝડપી પાડ્યો હતો. વાઘોડિયા નગરમાં નવીનગરી અને તાલુકાના આંકડિયાપુરા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો છે.

વાઘોડિયા ડી સ્ટાફે ગઈ કાલે રાતે આંકડિયાપુરા ગામે રહેતા દિલીપ મહેન્દ્રભાઈ પરમાર ના મકાનમાં ઓચિંતાની રેઇડ કરી હતી. રેઇડ દરમ્યાન તેમના કબજા ભોગવટા ના મકાનમાંથી ભારતીય બનાવટના પ્લાસ્ટિકના તેમજ બિયરના ટીન કુલ નંગ 456 જેની કિંમત રૂ.1 13, 520નો ગેરકાયદેસર વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જોકે રેઈડ દરમિયાન આરોપી ઘરે હાજર મળી આવ્યો ન હતો. જ્યારે બીજા બનાવવામાં ગઈબકાલે રાતે વાઘોડિયા નવીનગરીમાં રહેતા સાહિલ ખાન દિલાવર ખાન પઠાણ ના મકાનમાંથી ભારતીય બનાવટના પ્લાસ્ટિકના કોટરીયા નંગ.88 જેની કિંમત 25, 448નો ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જોકે આ બંને સ્થળે રેઇડ દરમિયાન કુલ 1,38,968ના વિદેશી દારૂ મળી આવ્યો હતો.

જરોદમાં સાતમ-આઠમના જુગાર પર પોલીસની તવાઈ

આલમગઢ ગામે જાહેરમાં શ્રાવણિયો જુગાર રમતા ત્રણ ઝડપાયા

(પ્રતિનિધિ) વાઘોડીયા, તા. 3

તાલુકાના જરોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આલમગઢ ગામે જાહેરમાં શ્રાવણિયો જુગાર રમતા ત્રણ જેટલા ઈસમોને જરોદ પોલીસે ઝડપી પાડ્યા છે. આલમગઢ ગામની સીમમાં કેટલાક ઈસમો પત્તા-પાના વડે રૂપિયા પૈસાનો હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી જરોદ પોલીસને મળી હતી.

જેના આધારે પોલીસે રેઇડ કરતા સ્થળ પરથી (૧) ભાવેશભાઈ મંગળભાઈ વસાવા, ઉ.વ-૪૩, (૨) અરવિંદભાઈ ડાહ્યાભાઈ વસાવા, ઉ.વ-૫૦, અને (૩) અરૂણભાઈ સુરેશભાઈ વસાવા, ઉ.વ-૨૯, તમામ રહે- આલમગઢ, તા-વાઘોડીયા નાઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. તેઓની અંગઝડતી કરતાં રૂ. ૪૨૨૦/- તથા દાવ પર લાગેલા રૂ. ૬૪૮૦/- સાથે મળી કુલ રૂ. ૧૦૭૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડભોઈ તાલુકા મા નલ સે જલ ને લઈ ભાવેશ પટેલ મેદાનમાં

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 3

ગુજરાત સરકાર દ્વારા દરેક ના ઘેર પીવા નુ શુધ્ધ પાણી મળે એ માટે કરોડો રુપિયા પાણી ની જેમ વેડફ્ય છે પણ પાણી પુરવઠા ના અધિકારી ઓના પાપે ડભોઈ તાલુકાના કેટલાય ગામો જલ સે નલ યોજના ના પીવાના પાણી માટે વલખાં મારી બાર ગાઉ છેટે થી મહીલા ઓ ને પાણી માટે ભટકવું પડે છે જેની રજૂઆત ગ્રામ જનો દ્વારા થુવાવી જિલ્લા પંચાયત ના સભ્ય અને આરોગ્ય સમિતિ ના ચેરમેન ભાવેશ પટેલ ને કરવામાં આવતા જ ભાવેશ પટેલ દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા ડભોઈ ને લેખીત રજુઆત કરવામાં આવી છે કે ડભોઈ તાલુકાના રાજલી, નારીયા, ઠીકરીયા, અંગુઠણ, થુવાવી, બનૈયા, ગામો મા પીવા ના શુદ્ધ પાણી ની તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે એવી લેખીત રજુઆત ને લઈ પાણી પુરવઠા અધિકારી ઓ મા હડકંપ મચી ગયો છે ભ્રષ્ટાચાર નો અડ્ડો બનેલ નલ સે જલ કૌભાંડ ટુંક સમય મા બહાર આવે તો નવાઈ નહીં !

સ્ટોક અને દસ્તાવેજોની ચકાસણીથી વેપારી આલમમાં ફફડાટ

બોડેલીમાં ખાંડના મોટા વેપારીઓના ગોડાઉનમાં પુરવઠા તંત્ર, અને મામલતદાર ટીમની ઓચિંતી તપાસ

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં ખાંડના મોટા વેપારીઓ સામે પુરવઠા તંત્રએ ઓચિંતી તપાસ હાથ ધરતાં વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે. હાલ ખાંડના બજાર વધતા ખાંડ ચર્ચામાં વિષયમાં આવી છે ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે જ્યારે આગળ તહેવારો આવતા તંત્ર સજાગ થઈ ખાંડના જથ્થા અંગેની તપાસ હાથ ધરવા માટે તજવીજ હાથ ધરી છે ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી (DSO) સહિત બોડેલી મામલતદારની ટીમ દ્વારા નગરના ત્રણ મોટા વેપારીઓના ગોડાઉનમાં પહોંચી ખાંડના જથ્થાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, બોડેલીમાં મોટા પ્રમાણમાં ખાંડનો સંગ્રહ કરતા વેપારીઓના ગોડાઉનમાં તંત્રની ટીમ અચાનક પહોંચી હતી. ત્રણેય ગોડાઉનમાં 2,000 ક્વિન્ટલથી નીચે ખાંડનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું અધિકારીઓએ સ્થળ પર જ સ્ટોકની ગણતરી શરૂ કરી હતી. સાથે જ સ્ટોક રજિસ્ટર, ખરીદ-વેચાણના દસ્તાવેજો તથા જથ્થા સંબંધિત અન્ય નોંધોની પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. અને ખાંડના જથ્થા અંગેની સૂચનાઓ પણ આપી હતી તંત્રની ટીમ અચાનક ગોડાઉન પર પહોંચી જતાં વેપારીઓમાં દોડધામનો માહોલ જોવા મળ્યો હતો. ખાંડના જથ્થાની વાસ્તવિક ગણતરી અને ઉપલબ્ધ દસ્તાવેજો વચ્ચે કોઈ તફાવત છે કે કેમ, તેમજ સંગ્રહ અને વેપારને લગતા નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તપાસ કરવામાં આવતા બોડેલીના વેપારી આલમમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

તહેવારોની સિઝન નજીક આવતાં ખાંડના સંગ્રહ અને વેપાર પર તંત્રની બાજ નજર જોવામડી છે જેને લઈ વેપારીઓ પણ સજાગ થયા છે.

માલસર ગામે જુગાર રમતા ત્રણ ઈસમોને શિનોર પોલીસે ઝડપી પાડ્યા

માલસરના ત્રણ ઈસમો પાસેથી રોકડ અને દાવ પરની રકમ મળી રૂ.12,220 જપ્ત

(પ્રતિનિધિ) શિનોર, તા. 3

શિનોર પોલીસને બાતમીદાર મારફતે બાતમી મળી હતી કે માલસર ગામ તરફ જવાના રસ્તાની બાજુમાં આવેલા બ્રિજ નજીક ઝાડી-ઝાંખરામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે શિનોર પોલીસે સ્થળ પર રેડ કરી જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા ઈસમોમાં માલસર ગામના શનાભાઈ બચુભાઈ દેવીપૂજક ઉંમર 32 વર્ષ, અરવિંદભાઈ બચુભાઈ દેવીપૂજક ઉંમર 28 વર્ષ અને રોહિતભાઈ નગીનભાઈ વસાવા ઉંમર 27 વર્ષનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી રોકડા 4,870 તથા દાવ પર મુકેલા 7,350, મળી કુલ 12,220નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે શિનોર પોલીસે જુગારધારા કલમ-12 મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.